Extra No. 299

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] MONDAY, AUGUST 18, 2025 / SRAVANA 27, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૬ઠ્ઠી જૂન, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ (૧) જી/પીટી/૨૦૨૫/૧૮/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૯૧/ખ, (૨) જીએચ/પીટી/૨૦૨૫/૧૯/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૯૧/ખ, અને (૩) જી/પીટી/૨૦૨૫/૨૦/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૯૧/ખ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Government Notification, Ports, Transport and Fisheries Department No. G/B/89/119/MVR/1589/2424(II)-T, dated the 28th June, 1989.

બંદરો, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગનું

તારીખ: ૨૮મી જૂન, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક: જી/બી/૮૯/૧૧૯/એમવીઆર/૧૫૮૯/૨૪૨૪(૨)-ટી સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૨૫

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮

ક્રમાંક: જી/ પીટી/ ૨૦૨૫/ ૧૮/ પીટીડી/ એમઆરટી/ ઈ-ફાઈલ/ ૨૨/ ૨૦૨૫/ ૦૪૯૧/ ખ: ભૂતલ પરિવહન મંત્રાલય (પરિવહન શાખા), ભારત સરકારના તા.૧૨મી જૂન, ૧૯૮૯ના જાહેરનામા ક્રમાંક. એસ.ઓ ૪૪૪(ઇ) સાથે વાંચતા, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૪૧ની પેટા-કલમ (૬)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બંદરો, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગનું તારીખ: ૨૮મી જૂન, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક: જી/બી/૮૯/૧૧૯/એમવીઆર/૧૫૮૯/૨૪૨૪(૨)-ટી. નીચે મુજબ સુધારે છે.

સદરહુ જાહેરનામા સાથે જોડેલ કોષ્ટકમાં, અંતે નીચેની નોંધ ઉમેરવી:-

"થરાદ	૪૦"

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરેન્દ્રસિંહ પરમાર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of Home Department, No. GHG-98-99-MTA-3397-4514-KH, dated 22nd April, 1998

ગૃહ વિભાગનું

તારીખ: ૨૨મી એપ્રિલ, ૧૯૯૮નું જાહેરનામું ક્રમાંક: જીએચજી-૯૮-૯૯-એમટીએ-૩૩૯૭-૪૫૧૪-ખ. સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૨૫

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: જીએચ/પીટી/૨૦૨૫/૧૯/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૯૧/ખ: ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ગુજરાતના ૬૫-મા)ની કલમ ૨-ના ખંડ (૭)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ: ૨૨મી એપ્રિલ, ૧૯૯૮નું જાહેરનામું ક્રમાંક: જીએચજી-૯૮-૯૯-એમટીએ-૩૩૯૭-૪૫૧૪-ખ. નીચે મુજબ સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૫૬ પરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

અધિકારીઓનો હોદ્દો	વિસ્તારો
૧	૨
“૫૭ મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, થરાદ અને તેમની કચેરી સાથે જોડાયેલા મોટર વાહન નિરીક્ષકો	‘થરાદ’ જિલ્લા માટે.”

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરેન્દ્રસિંહ પરમાર,

સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Motor Vehicles Rules, 1989

મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી
જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૨૫

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૨૦/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૯૧/ખઃ મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯-મા) ની કલમ ૩૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) અને કલમ ૬૫-ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) સાથે વાંચતા, કલમ ૨૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) હેઠળ કાઢવા ધારેલો ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯-માં સુધારો કરતા નિયમોનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, આથી, પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, સદરહુ નિયમોનો મુસદ્દો ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના અગ્ર સચિવ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૫/૨૦/પીટીડી/એમઆરટી/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૪૯૧/ખ: મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯-મા) ની કલમ ૩૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) અને કલમ ૬૫-ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) સાથે વાંચતા, કલમ ૨૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત મોટર વાહન (... સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી, “સદરહુ નિયમો” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (૩૬) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

“(૩૭) થરાદ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, થરાદ.”.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૪માં, ખંડ (૩૬) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

“(૩૭) થરાદ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, થરાદ.”.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪૦માં, ખંડ (૩૬) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(૩૭) થરાદ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, થરાદ.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરેન્દ્રસિંહ પરમાર,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.23 12:58:44 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar